## હાલાર પ્રદેશના તેજસ્વી-યશસ્વી શાસનપ્રભાવક સૂરિદેવ

# પૂ. આચાર્યશ્રી વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજ

પૂ. આ. શ્રી વિજયલલિતશેખરસૂરીશ્વરજી મહારાજના સંસારી પક્ષે લઘુબંધુ અને સંયમપક્ષે શિષ્યરત્ન પૂ. આ. શ્રી વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજનો જન્મ સં. ૧૯૯૫ના ભાદરવા સુદ પાંચમે રાસંગપુર (હાલાર)માં થયો હતો. પોતાના વડીલ બંધુ સાથે જ દીક્ષિત થઈ, ગણિ–પંન્યાસ–આચાર્યપદે અધિષ્ઠિત થયા. તેઓશ્રીની તબિયત નાજુક રહેતી હોવા છતાં તેઓશ્રી સ્વાધ્યાય આદિમાં મગ્ન રહીને **नित्यं स्वाध्याय संयमरतानां** એ આર્ષવાણીની સ્મૃતિ થાય તેવું જીવન જીવી રહ્યા છે. પોતાના શિષ્યસમુદાયને સ્વાધ્યાય–સંયમમાં અપ્રમત્ત રાખવાની આ ગુરુશિષ્ય જોડલીની લગની અત્યંત અનુમોદનીય છે. પૂજ્યશ્રી સંસ્કૃત ભાષા ઉપર સારું પ્રભુત્વ ધરાવે છે. તેઓશ્રીએ પ્રદેશબંધ (पएसबंधो) ગ્રંથ ઉપર દસ હજાર શ્લોકોથી પણ અધિક પ્રમાણવાળી સંસ્કૃત ટીકા રચી છે અને સિદ્ધહેમ શબ્દાનુશાસન–મધ્યમવૃત્તિનું સંપાદન કર્યું છે. ગુરુતત્ત્વવિનિશ્ચય, પંચવસ્તુક, પંચાશક, તત્ત્વાર્થસૂત્ર, જ્ઞાનસાર અષ્ટક વગેરે ગ્રંથોના અનુવાદોમાં પૂજ્યશ્રીની વિદ્વત્તા પ્રકાશતી જોવા મળે છે. સાથે સાથે તેઓશ્રી બાળભોગ્ય સાહિત્ય પણ સર્જતા રહ્યા છે, જેમાં માતા–પિતાની સેવા આદિ ગ્રંથો અત્યંત લોકાદર પામ્યા છે. હાલારના આ તેજસ્વી આચાર્યદેવોનો શિષ્યસમુદાય પણ હાલારના નામને રોશન કરે તેવો પ્રભાવશાળી છે. પૂ. આ. શ્રી વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજના પ્રથમ શિષ્યરત્ન પૂ. આ. શ્રી વિજયવીરશેખરસૂરિજી મહારાજ સંસ્કૃત–પ્રાકૃત ભાષાના જાણીતા વિદ્વાન છે. તેઓશ્રીએ પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના માર્ગદર્શનાનુસાર અઢળક પ્રમાણમાં સર્જિતકર્મસાહિત્યની મૂળ ગાથાઓની પ્રાકૃત ભાષામાં રચના કરી છે. તદુપરાંત, કર્મસાહિત્યના અનેક દળદાર ગ્રંથો પૂજ્યશ્રીએ આલેખ્યા છે. આવા પ્રભાવશાળી શિષ્યરત્નના પ્રભાવશાળી ગુરુ પૂ. આ. શ્રી વિજય-રાજશેખરસૂરીશ્વરજી મહારાજના ચરણારવિંદમાં ભાવભીની વંદના!

## યુવક–જાગૃતિના પ્રેરણાદાતા, વ્યાકરણવિશારદ, શાસન–શણગાર

# પૂ. આચાર્યશ્રી વિજયગુણરત્નસૂરીશ્વરજી મહારાજ

વિનય–વિવેક જેવા સદ્‌ગુણોથી સંપન્ન અને જિનશાસનની પાટપરંપરાને દીપાવનારા સમયે સમયે જે ધર્મપ્રભાવક મહાપુરુષોની ભેટ મળી છે તેમાં શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં પૂ. આ. શ્રી વિજયગુણરત્નસૂરીશ્વરજી મહારાજ એક વિરલ વિભૂતિ છે. પૂજ્યશ્રીનો જન્મ રાજસ્થાનના પાદરલી મુકામે સં. ૧૯૮૯ના પોષ સુદ ૪ને દિવસે ઉમદા ધર્મસંપન્ન–સંસ્કારી પરિવારમાં થયો. પુત્રનું નામ ગણેશમલજી રાખવામાં આવ્યું. પિતા હીરાચંદજી અને મમતાળુ માતા મનુબાઈના ઉછરંગે વાત્સલ્યથી ઊછરતા ગણેશમલજીને શૈશવ-કાળથી ઉત્તમ ધર્મસંસ્કારો મળ્યા. અંગ્રેજી માધ્યમમાં મેટ્રિક સુધીનો વ્યાવહારિક અભ્યાસ કર્યો.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર બાદ પૂ. આચાર્યદેવ **શ્રી** વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ અને વડીલ બંધુ શ્રી જિતેન્દ્ર-વિજયજી મહારાજનું ઉમદા અને પ્રેરક જીવન જોયા પછી ગણેશમલજીને પણ સંસારવાસ અકારો થઈ પડ્યો. વેવિશાળ થયેલ હોવા છતાં પૂર્વ ભવના પુણ્યોદયે સદ્‌ગુરુઓનો સમાગમ પામી પ્રવ્રજ્યા અંગીકાર કરવા પરમ ભાગ્યશાળી બન્યા. સં. ૨૦૧૦ના મહા સુદ ૪ને દિવસે દાદર–મુંબઈ મુકામે મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજનું શિષ્યત્વ સ્વીકારીને મુનિશ્રી ગુણરત્નવિજયજી નામે દીક્ષા અંગીકાર કરી.

૧૪ વર્ષ સુધી પૂ. ગુરુવર્યોની નિશ્રામાં જ્ઞાન સંપાદન કરી તથા શુદ્ધ ક્રિયાનુષ્ઠાન આરાધી અનંત પુણ્ય ઉપાર્જન કરતા રહ્યા. પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરી-શ્વરજી મહારાજના વિશેષ કૃપાપાત્ર બની, કર્મસાહિત્યના સર્જનનું પાયાનું કામ હાથ પર લઈ, જ્ઞાનગંગાની ધૂણી ધખાવી, અને ૩૭ હજાર શ્લોકપ્રમાણ પ્રાકૃત–સંસ્કૃત ખવગસેઢિ અને બંધવિહાણ જેવા ગ્રંથો લખ્યા, જેનાં વખાણ દેશવિદેશમાં પ્રો. કલાઉઝ બ્રને '**गागर में सागर भर दिया**'ના શબ્દોમાં કર્યાં. પૂજ્યશ્રી દ્વારા આ ઉપરાંત 'જૈન મહાભારત', 'રે! કર્મ, તારી ગતિ ન્યારી', 'જોજે, કરમાએ ના', 'એક થી રાજકુમારી (મહાસતી અંજના)' વગેરે હિન્દી તેમ જ ગુજરાતીમાં ઉત્તમ અને વિપુલ સાહિત્યસર્જન કર્યું છે.

પૂજ્યશ્રી છેલ્લાં ઘણાં વર્ષોથી રાજસ્થાનમાં જ વિચરી રહ્યા છે. રાજસ્થાનમાંની પૂજ્યશ્રીની શાસનપ્રભાવના અદ્‌ભુત અને વિશિષ્ટ કોટિની છે. યુવાન વર્ગને ધર્મમાર્ગે વાળવામાં પૂજ્યશ્રીનો ફાળો ઘણો નોંધપાત્ર છે. તેઓશ્રીની નિશ્રામાં યુવાનો માટે ૨૭ જેટલી જ્ઞાનશિબિરો યોજાઈ છે અને તેમાં છએક હજાર યુવાનોએ ધર્મબોધ પ્રાપ્ત કર્યો છે. પૂજ્યશ્રીની પ્રેરણાથી ઓપન બુક્સ એક્ઝામ અખિલ ભારતીય સ્તરે લેવામાં આવે છે. પૂજ્યશ્રીની પ્રવચનશૈલી મીઠી–મધુર અને તલસ્પર્શી છે. જૈન રામાયણ ઉપર તેઓશ્રીનાં જાહેર પ્રવચનોમાં જૈન–જૈનેતરો ભાગ લે છે. તે પૂજ્યશ્રીનો ખાસ વિષય છે. એવી જ રીતે, સાધના–આરાધનાના ક્ષેત્રે પણ પૂજ્યશ્રી અપ્રમત્તભાવે અવિરામ અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવતા રહ્યા છે. પૂજ્યશ્રી નિર્દોષ ગોચરીના આગ્રહી છે. તેઓશ્રીએ વર્ધમાન તપની ૭૦ ઓળી, અનેક અટ્ઠાઈ–અટ્ઠમ અને નિત્ય એકાસણાં સાથે ૧૦ વર્ષ અને ૧૦ મહિના સુધી દૂધનો ત્યાગ કર્યો છે. પૂજ્યશ્રીની નિશ્રામાં ૨૭ જેટલાં યાદગાર ઉપધાનતપ થયાં છે. ૧૩ જેટલી ઐતિહાસિક પ્રતિષ્ઠાઓ થઈ છે. તેમાં અચલગઢ (આબુ) દયાલશાહ કિલ્લા, ઘાણેરાવ, અજારી તીર્થ અને છેલ્લે નાકોડા તીર્થની અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવમાં ૧૫ હજાર ભાવિકોએ ભાગ લીધો હતો. તેઓશ્રીની નિશ્રામાં ૫૦ જેટલાં ભવ્ય ઉજમણાં થયાં, જેમાં સાબરમતી, બીકાનેર, જોધપુર, પાલી, જાલોર, સાંચોર, સિરોહી, પિંડવાડા, પાલનપુર આદિ મુખ્ય છે. તેઓશ્રીની પ્રેરણા અને નિશ્રામાં સામૂહિક અટ્ઠમતપની આરાધના શંખેશ્વરતીર્થમાં અને સાબરમતીમાં થઈ. તેમાં અનુક્રમે ૧૮૦૦ અને ૧૦૦૮ની સંખ્યા થઈ હતી. પૂજ્યશ્રીની નિશ્રામાં ૧૬ જેટલી નવપદજીની ઓળી થઈ છે. છેલ્લે જીરાવલાજી તીર્થમાં ૩૦૦૦ જેટલી ઓળી થઈ અને સાથે સાથે ૧૮૦૦ જેટલાં અટ્ઠમ થયાં—એ આજ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સુધીનો રેકોર્ડ છે. આજ પર્યંત ૧૫૦૦૦ ભાવિકોએ આરાધનાનો લાભ લીધો છે; ઉપરાંત, ૧૦ જેટલા છ'રીપાલિત સંઘો પૂજ્યશ્રીની નિશ્રામાં નીકળ્યા છે.

પૂજ્યશ્રીના કુટુંબમાંથી જ ૭ વ્યક્તિઓ દીક્ષિત થઈ છે; જેમાં ૧. પૂ. આ. શ્રી વિજયજિતેન્દ્રસૂરીશ્વરજી મહારાજ, ૨. પૂ. આ. શ્રી વિજયગુણરત્નસૂરીશ્વરજી મહારાજ, ૩. મુનિશ્રી રશ્મિરત્નવિજયજી મહારાજ (ભાણેજ), ૪. સાધ્વીશ્રી પુષ્પલતાશ્રીજી મહારાજ (ભાભી), ૫. સાધ્વીશ્રી પુણ્યરેખાશ્રીજી મહારાજ અને ૬. સાધ્વીશ્રી મનીષરેખાશ્રીજી મહારાજ (બન્ને ભત્રીજીઓ). તદુપરાંત, તેઓશ્રીના શિષ્ય–પ્રશિષ્યની સંખ્યા હાલ ૨૭ જેટલી છે, જેમાં અનેક વિદ્વાન મુનિવરો છે. (૧) ગણિવર્ય શ્રી વીરરત્નવિજયજી મહારાજ, (૨) સ્વ. મુનિશ્રી વિશ્વરત્નવિજયજી મહારાજ, (૩) મુનિશ્રી નિર્વાણવિજયજી મહારાજ, (૪) મુનિશ્રી ચરણગુણવિજયજી મહારાજ, (૫) સ્વ. મુનિશ્રી મોક્ષરત્નવિજયજી મહારાજ, (૬) મુનિશ્રી પુષ્પરત્નવિજયજી મહારાજ, (૭) મુનિશ્રી મુક્તિરત્નવિજયજી મહારાજ, (૮) મુનિશ્રી યશોરત્નવિજયજી મહારાજ, (૯) મુનિશ્રી રવિરત્નવિજયજી મહારાજ, (૧૦) મુનિશ્રી રશ્મિરત્નવિજયજી મહારાજ, (૧૧) મુનિશ્રી પદ્મભૂષણવિજયજી મહારાજ, (૧૨) મુનિશ્રી સંયમરત્નવિજયજી મહારાજ, (૧૩) મુનિશ્રી ઉદ્યોતરત્નવિજયજી મહારાજ, (૧૪) મુનિશ્રી વૈરાગ્યરત્નવિજયજી મહારાજ, (૧૫) મુનિશ્રી જિનેશરત્નવિજયજી મહારાજ, (૧૬) મુનિશ્રી મેઘરત્નવિજયજી મહારાજ, (૧૭) મુનિશ્રી જયંતરત્નવિજયજી મહારાજ, (૧૮) મુનિશ્રી મુનીશરત્નવિજયજી મહારાજ, (૧૯) મુનિશ્રી જીવેશરત્નવિજયજી મહારાજ, (૨૦) મુનિશ્રી જયેશરત્નવિજયજી મહારાજ, (૨૧) મુનિશ્રી ભાગ્યેશરત્નવિજયજી મહારાજ, (૨૨) મુનિશ્રી દેવેશરત્નવિજયજી મહારાજ, (૨૩) મુનિશ્રી જિનેન્દ્રરત્નવિજયજી મહારાજ, (૨૪) મુનિશ્રી ધર્મેશરત્નવિજયજી મહારાજ, (૨૫) મુનિશ્રી ધર્મરત્નવિજયજી મહારાજ, (૨૬) મુનિશ્રી ધીરેશરત્નવિજયજી મહારાજ આદિ મુખ્ય છે.

પૂજ્યશ્રી યોગ્યતા અનુસાર અમદાવાદમાં ગણિપદવી અને જાલોરમાં પંન્યાસપદવી પામ્યા પછી સં. ૨૦૪૪ના દ્વિતીય જેઠ સુદ ૧૦ને દિવસે પાદરલી મુકામે અદ્ભુત શાસનપ્રભાવક મહામહોત્સવપૂર્વક આચાર્યપદે અધિષ્ઠિત કરાયા છે. હાલ પૂ. આચાર્યશ્રી વિજયગુણરત્નસૂરીશ્વરજી મહારાજનો સંયમપર્યાય ૩૭ વર્ષનો છે. પૂજ્યશ્રી સ્વ-પર કલ્યાણની પ્રવૃત્તિઓ દ્વારા શાસનપ્રભાવનાનાં કાર્યોમાં વધુ ને વધુ પ્રેરણાદાતા બની રહો એ જ અભ્યર્થના સાથે પૂજ્યશ્રીનાં ચરણોમાં કોટિ કોટિ વંદના! (સંકલન : પૂ. મુનિશ્રી રવિરત્નવિજયજી મહારાજના લેખના આધારે.)





Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org